ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશનના અધિકારી/ કર્મચારીઓને સાતમા પગાર પંચના તા.૦૧/૦૧/૨૦૧૬ થી તા.૩૦/૦૬/૨૦૧૮ સુધીના સમયગાળા માટેની પગાર તફાવતની રકમ ચૂકવવા બાબત.

ગુજરાત સરકાર
આદિજાતિ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક: TDD/EOG/e-file/25/2022/1079/GH
સચિવાલય, ગાંધીનગર.

**// વંચાણે લીધા //**

(૧) નાણા વિભાગના ઠરાવ ક્રમાંકઃ પગર/૧૦૨૦૧૫/૪૭૮/૧૮/પગાર એકમ, તા.૧૩/૦૩/૨૦૧૮
(૨) વિભાગનો ઠરાવ ક્રમાંક: પરચ/૨૦૧૭/૫૯૬/ઘ, તા.૧૩/૦૪/૨૦૧૮
(૩) વિભાગનો સુધારા ઠરાવ ક્રમાંક: પરચ/૨૦૧૭/૫૯૬/ઘ, તા.૧૯/૦૧/૨૦૨૧
(૪) કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશનની દરખાસ્તનો પત્ર ક્રમાંકઃ જીટીડીસી/મકમ/વહટ/૭મું પગાર પંચ/૨૦૧૬/ભાગ-૨/વશી/૧૯૯૮/૨૦૨૦, તા.૦૮/૦૨/૨૦૨૧
(૫) કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશનના પત્ર ક્રમાંકઃ GTDC/Seven pay commission/e-file/336/2022/0997/Admin/952, તા.૧૦/૦૫/૨૦૨૩

**// પ્રસ્તાવના //**

વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક: (૨) પરના ઠરાવથી ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશનના અધિકારી/ કર્મચારીઓને કેન્દ્ર સરકારના સાતમાં પગારપંચની ભલામણોના અનુસંધાને પગાર ભથ્થાનો લાભ વિવિધ શરતોને આધીન આપવામાં આવેલ છે.

વિભાગના તા.૧૩/૦૪/૨૦૧૮ના વંચાણે લીધેલ ક્રમાંક: (૨) પરના ઠરાવની શરત નં.૩ મુજબ, તા.૦૧/૦૧/૨૦૧૬ થી ખરેખર પગારમાં ચૂકવણીની તારીખ સુધીના સમયગાળાની પગાર તફાવતની રકમ અંગે રાજ્ય સરકાર દ્વારા જે નિર્ણય લેવામાં આવે તે અનુસાર મળવાપાત્ર થશે."

નાણા વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક: (૧) પરના ઠરાવના મુદ્દા નં.૯ થી બોર્ડ/નિગમ તેમજ ગ્રાન્ટઈન એઈડ સંસ્થાઓને નાણા વિભાગની મંજૂરીથી સાતમા પગાર પંચનો લાભ આપવામાં આવેલ છે. તેવા કિસ્સામાં તેઓના કર્મચારીઓને ચૂકવવાની થતી પગાર અને પેન્શનના તફાવતની રકમની ચૂકવણી બાબતે રાજ્ય સરકાર દ્વારા અલગથી જરૂરી વિચારણા કરી નિર્ણય લેવામાં આવશે. આથી કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત આદિજાતિ વિકાસ નિગમ દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક: (૪) પરના મૂળ પત્રથી તથા વંચાણે લીધેલ ક્રમાંક: (૫) પરના પત્રથી કરેલ દરખાસ્ત મુજબ, ગુજરાત આદિજાતિ વિકાસ નિગમના અધિકારી/કર્મચારીઓને માહે-જુલાઈ ૨૦૧૮ થી સાતમું પગાર પંચ પ્રમાણે પગાર ચૂકવવાનું શરૂ કરવામાં આવેલ હોવાથી તા.૦૧/૦૧/૨૦૧૬ થી તા.૩૦/૦૬/૨૦૧૮ સુધીના પગાર તફાવતની રકમની ચૂકવણી કરવા માટે દરખાસ્ત કરેલ હતી. જેને મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**// ઠરાવ //**

પુખ્ત વિચારણાના અંતે, ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશનના અધિકારી/ કર્મચારીઓને સાતમા પગાર પંચના તા.૦૧/૦૧/૨૦૧૬ થી તા.૩૦/૦૬/૨૦૧૮ સુધીના સમયગાળા માટેની પગાર તફાવતની રકમ ચૂકવવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

કર્મચારીઓને મળવાપાત્ર લાભો (એરીયર્સ) કરતાં વધુ લાભો ના ચુકવાઈ જાય તે કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત આદિજાતિ વિકાસ નિગમએ સુનિશ્ચિત કરવાનું રહેશે.

વિભાગના તા.૧૩/૦૪/૨૦૧૮ ના ઠરાવ ક્રમાંક:પરચ/૨૦૧૭/૫૯૬/ઘ ની અન્ય શરતો/જોગવાઈઓ યથાવત રહેશે.

આ ઠરાવ વિભાગની સમાનાંકી ફાઈલ પર સરકારશ્રીની તા.૨૦/૧૨/૨૦૨૩ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( પી. એમ. પટેલ )
ઉપસચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

**નકલ રવાના :-**

- માન. રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સ્વર્ણીમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણીમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણીમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રીના અગ્ર રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, (આ.બા.)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(આ.વિ.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, આદિજાતિ વિકાસ, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત આદિજાતિ વિકાસ નિગમ, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જીલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, અ-શાખા, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજર, આદિજાતિ વિકાસ વિભાગ, વેબસાઈટ ઉપર મુકવા વિનંતી સહ.
- નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઈલ/સિલેક્ટ ફાઈલ.